# કોરૂગેટેડ બોક્સના ઉત્પાદન ખર્ચમાં ૭૦ ટકાનો વધારો કરવામાં આવ્યો

**મુંબઈ:** છેલ્લા થોડાક મહિનાઓમાં ઉત્પાદનખર્ચમાં તીવ્ર વધારો થવાથી અને બીજી બાજુ કાચી સામગ્રીનો પુરવઠો ખોરવાઈ જવાથી ભારતનો કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગ કટોકટીમાં મુકાઇ ગયો છે. તેની મુખ્ય કાચી સામગ્રી ક્રાફ્ટ પેપર છે. તેમજ તે માત્ર પેપરના ભાવવધારાના કારણે કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગનું ઉત્પાદન ખર્ચ ૭૦ ટકા વધી ગયું છે. ક્રાફ્ટ પેપર મિલો દ્વારા સપ્લાય બાજુ આયાતી અને સ્થાનિક વેસ્ટ પેપરના વધતા જતા ભાવો, કોરોના લોકડાઉન અને આંતરરાજ્ય લોજીસ્ટીક્સ અડચણોના કારને ઉપલભ્યતા ઘટી હોવાનાં કારણો દર્શાવે છે. સામે માગની બાજુ જોઈએ તો મિલો ચીનને રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપર પલ્પ રોલ્સના રૂપમાં ક્રાફ્ટ પેપર નિકાસ કરવાની સોનેરી તકનો લાભ ઉઠાવી રહી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૧થી વેસ્ટ પેપર્સ સહિતના તમામ સોલીડ વેસ્ટની આયાત પ્રતિબંધના પરિણામનો ચીનની મિલો સામનો કરી રહી છે.